## ઠેર ઠેર ઇદ ઉજવાઇ

## હાલોલ શહેરમાં ઈદુલ ફિત્રની ઉજવણી હર્ષોઉલ્લાસ સાથે કરાઈ



**હાલોલ :** હાલોલ શહેર ખાતે આજે શનિવારના રોજ મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદુલ ફિત્રની એટલે રમઝાન ઈદ ની ઉજવણી આનંદ ઉત્સાહના વાતાવરણમાં કરવામાં આવી હતી. શહેરના પાવાગઢ રોડ પર કબ્રસ્તાન ખાતે આવેલ ઇદગાહ અને મોહમંદી સ્ટ્રીટ ખાતે આવેલ નૂરાની મસ્જિદ ખાતે ઈદની વિશેષ નમાઝ અદા કરવામાં આવી હતી. જેમાં ઇદગાહ ખાતે મૌલાના યાકુબ રઝવી ધ્વારા તકરીર ફરમાવી હતી અને સૈયદ ઈલ્યાસબાપુ ધ્વારા વિશેષ નમાઝ અદા કરવામાં આવી હતી જ્યારે નૂરાની મસ્જિદ ખાતે મૌલાના વસીમ મામાજી દ્વારા વિશેષ નમાઝ અદા કરવામાં આવી હતી જ્યારે ઈદુલ ફિત્રને લઇ વહેલી સવારથી જ મુસ્લિમ બિરાદરોમાં ભારે ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો જ્યારે નાના ભૂલકાંઓ સહિત તમામ મુસ્લિમ બિરાદરો અવનવા પોષાકમાં જોવા મળ્યા હતા અને રમજાન ઈદની વિશેષ નમાઝ અદા કરી મુસ્લિમોએ અલ્લાહ નો શુક્ર અદા કર્યો હતો અને સમગ્ર વિશ્વમાં એકતા અને ભાઈચારો શાંતિ સ્થાપિત થાય તેને લઈને વિશેષ દુવા કરવામાં આવી હતી.

### પાયાના ખોદકામ વિના જુના પાયા ઉપર જ આરસીસીની કામગીરી કરી પુલની કામગીરી શરૂ કરવામાં આવી છે

# સુખસરમાં ખારી નદી ઉપર નવીન પુલનું કામ ગોકળ ગાયની ગતિએ

(પ્રતિનિધિ) સુખસર, તા.21
ફતેપુરા તથા સુખસર તાલુકામાં રોડ રસ્તા અને નાળાઓ અને પુલની વેઠ ઉતાર કામગીરી કરવામાં આવતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠતી રહે છે. અને નવીન બનાવેલ પુલ અને નાળાઓ ટૂંકા સમયમાં તૂટી જતા તકલાદી કામગીરી સાબિત થતી હોવાના અનેક દાખલા જોવા અને જાણવા મળે છે. તેવી જ રીતે હાલમાં સુખસર ખાતે ખારી નદી ઉપર નાની ઢઢેલી,ઢઢેલા થી ફતેપુરા ઝાલોદ ને જોડતા માર્ગ ઉપર લાખો રૂપિયાના ખર્ચે નવીન પુલ બનાવવામાં આવી રહ્યો છે.પરંતુ આ પુલની કામગીરીમાં નિયમોનુસાર કામગીરી કરી મટીરીયલ્સ વાપરવાનુ હોય છે તેમાં ઉણપ જણાતી હોવાની સ્થાનિક નાગરિકો દ્વારા ફરિયાદ ઉઠવા પામેલ છે. ત્યારે તેની ઉચ્ચ કક્ષાએથી તપાસ આવશ્યક છે.

પ્રાપ્ત વિગતો અનુસાર સુખસર તાલુકાના મુખ્ય મથક સુખસર ખાતે ખારી નદી ઉપર અગાઉ બેઠો પુલ બનાવવામાં આવેલ હતો. જેના લીધે ચોમાસાના સમયમાં નાની ઢઢેલી, ઢઢેલા,ફતેપુરા તરફ આવર-જવર કરતી જનતાને મુશ્કેલી પડતી હતી.તેને ધ્યાને લઈ લાખો રૂપિયાના ખર્ચે ખારી નદી ઉપર સરકાર દ્વારા નવીન પુલની મંજૂરી અપાતા ત્રણેક માસથી પુલની બાંધ કામગીરી શરૂ કરવામાં આવેલ છે. પરંતુ નવીન પુલ બાંધકામ કરવા માટે પાયાની કામગીરી કરવી ખૂબ જ આવશ્યક હોય છે. પરંતુ અહીંયા પાયાના ખોદકામ વિના જુના પાયા ઉપર જ આરસીસીની કામગીરી કરી પુલની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. તેમજ આ પુલ ઉપરથી દિવસે સેકડો વાહનોની અવરજવર તેમજ ભારધારી વાહનોની અવર-જવર રહે છે. જાણકારોના કહેવા પ્રમાણે પુલની કામગીરીમાં 30 એમએમ ના સળિયા હોવા આવશ્યક છે પરંતુ અહીંયા 20 એમએમ ના સળિયા વાપરી પુલ ઉભો કરવામાં આવી રહ્યો છે. ચોમાસાના સમયે અનેક નદીઓના પાણી આ ખારી નદીમાં મળે છે. અને વધુ વહેણમાં આ બની રહેલો પુલ તકલાદિ સાબિત થશે તેવું પણ સ્થાનિકોમાં સર્ચાઇ રહ્યું છે. જોકે આ પુલની કામગીરી ગત ત્રણેક માસથી શરૂ કરવામાં આવી છે. પરંતુ છેલ્લા એક માસથી કામગીરી બંધ હોવાનું જોવા મળે છે. ત્યારે આ પુલની કામગીરી ચોમાસા પહેલા સમય મર્યાદામાં થશે કે કેમ?તે પણ એક સવાલ છે.





સુખસરના ખારી નદી ઉપર જે પુલની કામગીરી કરવામાં આવી રહી છે તેનું બાંધકામ અને સ્ટ્રક્ચર નીચે સ્લેબ ભર્યો છે.પીલર ઉભા કરવામાં આવેલ નથી.ખરેખર નદીનો પુલ બનાવવો હોય તો પાયાની ખાસ જરૂરત હોય છે પરંતુ જુના પાયા ઉપર કામગીરી કરવામાં આવી રહી છે.તેમજ પિલ્લર હોવા જોઈએ.અને પિલ્લર ઉપર સ્લેબ ભરવો જોઈએ. પરંતુ સીધું ફાઉન્ડેશન આપી દીધું છે. તેમજ પુલની કામગીરીમાં 30 એમ એમ ના સળિયા વાપરવા જોઈએ.તેના બદલે 20 એમએમ ના સળિયા વાપર્યા છે.અને ફાઉન્ડેશન આપી દિવાલ ઊભી કરી દીધી છે તે ખોટું છે.આ કામગીરી ભવિષ્યમાં તકલાદી સાબિત થશે ત્યારે તેની ઉચ્ચ સ્તરેથી તપાસ થવી જોઈએ.

(મહેશભાઈ જી.પંચાલ તથા પ્રજેશ કુમાર પંચાલ, સ્થાનિક નાગરિક સુખસર)

## સુખસર ખાતે મુસ્લિમ બિરાદરોએ ઇદનો તહેવાર શાંતિપૂર્ણ માહોલમાં ઉજવ્યો



**સુખસર :** મુસ્લિમ સંપ્રદાયના અતિ પવિત્ર રમજાન માસની પૂર્ણાહુતિ બાદ એક અતિ મહત્વનો દિવસ આવે છે. જે ઈદ દુલ ફિત્ર તરીકે ઓળખ પ્રસ્થાપિત છે. તે રમજાન પર્વ શાંતિ અને ઉત્સાહ પૂર્ણ સંપન્ન થયા બાદ ઈસ્લામી માસ સવ્વાલના પ્રથમ દિવસે ઈદુલફિત્રની મુસ્લિમ સંપ્રદાયના લોકો દ્વારા મનાવવામાં આવે છે. તેવી જ રીતે આજરોજ સુખસરમાં મુસ્લિમ બિરાદરોએ ઈદની નમાજ અદા કરીને મુસ્લિમ સમાજના લોકોએ એકબીજાને ગળે લાગીને ઈદની મુબારકબાદી પાઠવી હતી. ઈદગાહમાં મોલાના દ્વારા વિશેષ મહત્વ ધરાવતી ઈદુલ-ફિત્રના મહિમા વિશે બયાન કર્યું હતું. બયાનના સમાપન બાદ નમાજ ભારત દેશ સહિત વિશ્વભરમાં અમન, ચેન અને શાંતિ બની રહે તેવી દુઆ ગુજારી એકબીજાને ગળે મળી ઈદની મુબારક પાઠવી હતી.સુખસર વિસ્તારમાં મુસ્લિમ સમાજ દ્વારા ઇદનો પવિત્ર તહેવાર આનંદ અને ઉત્સાહ સાથે ઉજવાયો હતો. વહેલી સવારે મસ્જિદોમાં વિશેષ નમાઝ અદા કરવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

### મૃત્યુનું કારણ જાણવા પોલીસે હાથ ધરી તપાસ

# ઘોઘંબા તાલુકાના નાથપુરા ગામે ખેતરના કૂવામાંથી યુવકનો મૃતદેહ મળ્યો, તપાસ શરૂ

**સ્થાનિકોમાં** ચકચાર, ફાયર ટીમે મૃતદેહ બહાર કાઢ્યો

(પ્રતિનિધિ) હાલોલ, તા.21
ઘોઘંબા તાલુકાના નાથપુરા ગામે ખેતરમાં આવેલા કૂવામાંથી એક ઈસમનો મૃતદેહ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં રાજગઢ પોલીસ તથા હાલોલ નગરપાલિકાની ફાયર ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ, નાથપુરા ગામના કુવા ફળિયામાં આવેલા ખેતરના કૂવામાં એક વ્યક્તિનો મૃતદેહ દેખાતા સ્થાનિક લોકોના ટોળા ભેગા થઈ ગયા હતા. ઘટનાની જાણ રાજગઢ પોલીસને કરવામાં આવતા પીઆઈ જાડેજાએ સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી.





બાદમાં હાલોલ નગરપાલિકાની ફાયર ટીમને બોલાવવામાં આવી હતી. ફાયર ફાઈટર જવાનો દ્વારા ભારે જહેમત બાદ કૂવામાંથી મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. મૃતદેહની ઓળખ રાઠવા વિક્રમભાઈ રમણભાઈ (ઉંમર આશરે 35 વર્ષ), રહે. કુવાપડું, નાથપુરા તરીકે થઈ હતી.

મૃતક કઈ રીતે કૂવામાં પડ્યા અને ઘટના પાછળનું કારણ શું છે તે અંગે હાલ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# કાલોલ નીલકંઠ કોલેજમાં ડમી પરીક્ષાર્થી ઝડપાયો, બે સામે પોલીસ ફરિયાદ

**મિત્રની** જગ્યાએ પરીક્ષા આપવા આવ્યો હતો યુવક, ઓળખ ચકાસતા ભાંડો ફૂટ્યો

(પ્રતિનિધિ) કાલોલ, તા.21
કાલોલની નીલકંઠ કોલેજ ખાતે યુનિવર્સિટી પરીક્ષા દરમિયાન ડમી પરીક્ષાર્થી ઝડપાતા ચકચાર મચી ગઈ છે. બીએ સેમેસ્ટર-6ની પરીક્ષા દરમિયાન અન્ય વિદ્યાર્થીની જગ્યાએ પરીક્ષા આપતો યુવક ઝડપાયો હતો. આ મામલે કોલેજ તંત્ર દ્વારા યુનિવર્સિટીને જાણ કરવામાં આવતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ, નીલકંઠ કોલેજમાં આજે સવારે 10થી 12 દરમિયાન બીએ સેમ-6, બીએસડબલ્યુ-6, બીઆરએસ-6 અને એમએસડબલ્યુ-4ની પરીક્ષાઓ ચાલી રહી હતી. તે દરમિયાન બીએ સેમ-6ના અભીજ્ઞાન સાકુંતલમ વિષયના પેપર દરમિયાન બ્લોક નંબર-4માં 28 વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા હતા.

સ્થળ સંચાલક દેવેન્દ્રસિંહ ચૌહાણે બીજા નંબરની પાટલી પર બેઠેલા પરીક્ષાર્થી અંગે શંકા જતા તેની ઓળખ ચકાસણી કરી હતી. પૂછપરછ દરમિયાન પરીક્ષાર્થીએ પોતાનું નામ રાહુલકુમાર વિજયસિંહ ચૌહાણ (કાનપુર, તાલુકો ઘોઘંબા) હોવાનું જણાવ્યું હતું, જ્યારે રિસીપ્ટ પર નામ રાજેશભાઈ કડવાભાઈ ડામોર (ખાનપુરના મુવાડા, તાલુકો ફતેપુરા, જિલ્લો દાહોદ) હોવાનું નોંધાયું હતું.

## લીમખેડા થી સુરત બસને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું



લીમખેડા, તા. 21
લીમખેડા થી સુરત તથા આજુબાજુના વિસ્તારોમાં મજુર કામ અર્થે લીમખેડા તાલુકાની મોટી સંખ્યામાં જતા હોય છે જેથી જવા આવવા માટે દાહોદ અથવા ઝાલોદ તરફથી આવતી બસોનો સહારો લેવો પડતો હોય છે જેથી આ વિસ્તારની પ્રજા એ લીમખેડા થી સુરત બસ ચાલું કરાવવા કેટલાય સમયથી માંગ કરી હતી જેને આજ રોજ એસટી વિભાગે લીમખેડા ના ધારાસભ્ય શૈલેષ ભાભોર દ્વારા લીમખેડા થી સુરત બસ ને લીલી ઝંડી આપાવી પ્રસ્થાન કરાવ્યું હતું.

## સંજેલીમાં ઈદ-ઉલ-ફિત્રની ઉજવણી હર્ષોઉલ્લાસ સાથે કરાઈ



**સંજેલી :** રમજાન ના પવિત્ર માસના તીસ રોજા પુરા થયા છે અને ઈદ. ઈદ-ઉલ-ફિત્ર નો ચાંદ જોતા જ મુસ્લિમ બિરાદરો શનિવારના રોજ વહેલી સવાર થીજ તૈયાર થઈ અને એ ઈદ-ઉલ-ફિત્ર ની નમાજ ની તૈયારી કરવામાં આવી હતી, અને ઈદ-ઉલ-ફિત્ર ની નમાજ પહેલા ગરીબ પરિવારો નું પણ ધ્યાન રાખી ફીત્ર આપ્યા હતા, મર્કજ મસ્જિદ આગળ એકઠા થઈ પુષ્પ સાગર તળાવ કિનારે આવેલ કબ્રસ્તાન ખાતે ખાસ ઈદ ની નમાજ અદા કરવામાં આવી હતી. અને જ્યાં એક બીજાને ઈદની મુબારક બાદી સાથે મો મીઠું કરાવવામાં આવ્યું હતું, ઈદ-ઉલ-ફિત્ર નમાજ ને લઇ વહેલી સવાર થી જ મુસ્લિમ બિરાદરોમાં ભારે ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો.નાના ભૂલકાંઓ સહિત તમામ મુસ્લિમ બિરાદરો અવનવા પોષાકમાં માં જોવા મળ્યા હતા, અને રમજાન ઈદની વિશેષ નમાઝ અદા કરી મુસલમ બિરાદરો એ અલ્લાહ નો શુક્ર અદા કર્યો હતો,એકતા અને ભાઈ ચારો શાંતિ સ્થાપિત થાય તેને લઈને વિશેષ દુવા કરવામાં આવી હતી, ઇદ ને લઈ નગરમાં કાયદો અને વ્યવસ્થા માટે પોલીસ દ્વારા ઠેર ઠેર ચુસ્ત બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો હતો.

## દાહોદ ખાતે જિલ્લા ભાજપ કાર્યકરોનું સંમેલન યોજાયું

દાહોદઃ દાહોદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્ય ની સંસ્થાઓની મુદત પુર્ણ થતાં વહીવટદારોનું શાસન છે. ત્યારે ભાજપે જિલ્લામાં આગામી ચુંટણી તૈયારીઓ શરૂ કરી દીધી છે. જેના ભાગ રૂપે ભાજપ પ્રદેશ પ્રમુખે દાહોદમાં કાર્યકર્તા સંમેલન યોજાયું હતું દાહોદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચુંટણીઓને ધ્યાનમાં રાખી ભાજપે રણશિંગુ ફુંકી દીધુ છે. તેના ભાગ રૂપે ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ ફતેપુરા અને દાહોદ વિધાનસભા વિસ્તારમાં આજે તા.૧૯માએ કાર્યકર્તા સંમેલનને સંબોધ્યું હતું ત્યાર બાદ એક કલાક સુધી પદાધિકારીઓ ક્લાલ લીધો હતા. જગદીશ વિશ્વકર્માએ આપ્રસંગે જણાવ્યું હતું કે હજી ૫૦ વર્ષસુધી કોંગ્રેસનો નંબર લાગવાનો નથી.

### બાસવાડાથી દાહોદ સુધી સપ્લાય ચેઇન શરૂ, દેશભરમાં થશે પરિવહન

# દાહોદ ગુડ્સ શેડ પરથી પહેલી વાર લાઈમસ્ટોન લોડિંગ, રતલામ મંડળને મળ્યો નવો માલ ગ્રાહક.!

(પ્રતિનિધિ) દાહોદ, તા.21
પશ્ચિમ રેલવેના રતલામ મંડળ દ્વારા મુસાફરોની સાથે સાથે (ગુડ્સ ટ્રાન્સપોર્ટેશન)માલ પરિવહન સેવાઓમાં પણ સતત સુધારા કરવામાં આવી રહ્યા છે. આ જ દિશામાં દાહોદમાં સુવિધાઓથી આવ્યો છે.જ્ય ફુલરેક હેન્ડલિંગની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.આ નવા ગુડ્સ શેડ પરથી ૧૮ માર્ચ ૨૦૨૬ના રોજ પ્રથમ વખત લાઈમસ્ટોનની લોડિંગ કરવામાં આવી હતી. બોક્સ એન રેકમાં કુલ ૪૧૦૭ ટન લાઈમસ્ટોન ભરવામાં આવ્યું હતું. આ રેક દાહોદથી મધ્ય રેલવેના બોમ્બે મંડળ હેઠળ આવેલા JSW સ્ટીલ સાઈડિંગ માટે રવાના કરવામાં આવી છે. નોંધનીય બાબત છે કે આ રેક અંદાજે ૯૩૪ કિલોમીટરનો અંતર કાપશે. આ લોડિંગથી રેલવેને જ આશરે ૫૦ લાખ રૂપિયાનું આવક મળવાની સંભાવના છે. સાથે આ પહેલથી રેલવેને એક નવો માલ ગ્રાહક પણ મળ્યો છે, જે ભવિષ્યમાં નિયમિત રીતે રેલવે મારફતે માલ પરિવહન કરશે. રતલામ મંડળના વાણિજ્ય અને ટ્રાફિક વિભાગના સંકલિત પ્રયાસોથી નવા ગ્રાહકોને રેલવે તરફ આકર્ષવામાં સફળતા મળી રહી છે. આ પહેલ માત્ર આવક વધારવામાં જ નહીં પરંતુ પર્યાવરણને અનુકૂળ અને કિફાયતી પરિવહનને પણ પ્રોત્સાહન આપે છે. બાસવાડામાં નીકળતો લાઈમ સ્ટોન પથ્થર દાહોદથી દેશભરમાં નિર્યાત થશે. દાહોદના નવા માલગોદામથી લાઈમ લોદ સ્ટોન પથ્થર ભરેલી માલગાડીનો પહેલો જથ્થો ગઈકાલે રવાના કરવામાં આવ્યો હતો આ સાથે નવા માલ ગોદામની શરૂઆત થઈ છે. આ લાઈમ સ્ટોન પથ્થર બાંસવાડાના કોઠારામાં નીકળે છે. ત્યાંના વન્ડર માર્બલ એલએલપી કંપની દ્વારા આ પથ્થરો ટૂંકમાં ભરીને ૧૦૦ ૧૯ દૂર દાહોદના માલ ગોદામ ખાતે લાવશે.અને ત્યાંથી ટ્રેન મારફતે દેશના વિવિધ શહેરોમાં નિર્યાત થશે. લાઈમ સ્ટોન પથ્થરથી સિમેન્ટ બનતી હોવાથી હવે દાહોદ થી ગયેલા પથ્થરોથી કંપનીમાં સિમેન્ટ બનશે. હાલ રેલવેમાં સુજલ લોજિસ્ટિક પ્રાઈવેટ લિમિટેડ ભરૂચ દ્વારા પ્રથમ ગ્રાહક બની આ લાઈમ સ્ટોન પથ્થરની લોડીંગ કરવામાં આવી છે. જોકે આ રેલમાલ વાહક દાહોદ માટે મોટી ઉપલબ્ધી છે. મેટ્રિક ટન લોડ કરવાની ક્ષમતા સાથે બનાવવામાં આવ્યું છે. જે અગાઉ જુના માલગોદામથી સિમેન્ટ અને ઘઉં બહાર નિર્યાત થતા હતા.દાહોદમાં નવો માલ ગોદામ યાર્ડમાં બનાવવામાં આવ્યું છે.

## પાડલીયા યોગ ટ્રેનર ક્લાસમાં લીમડાના રસનું વિતરણ કરાયું

(પ્રતિનિધિ) સુખસર,તા.21
સુખસર તાલુકાના સાઈ નર્સિંગ કોલેજ પાડલીયા ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ ટ્રેનર ક્લાસ યોગકોચ શંકરભાઈ કટારા દ્વારા દરરોજ 5.15 થી 7:15 કલાક દરમ્યાન ચલાવવામાં આવે છે.જેમાં દીકરીઓને યોગનું પ્રેક્ટીકલ અને થિયરી શીખવવામાં આવે છે.પ્રેક્ટીકલ માં સૂક્ષ્મ ક્રિયાઓ,યોગિંગ,જોગિંગ, સૂર્ય નમસ્કાર અને પ્રાણાયામ શીખવવામાં આવે છે.થિયરીમાં પ્રાર્થના,પંચ તત્વો,પંચ કોષ શટકર્મ અષ્ટાંગયોગ જેવી બાબતો શીખવવામાં આવે છે.સાથે જ દીકરીઓને શિક્ષણ અને સંસ્કાર વિશે માર્ગદર્શન આપવામાં આવે છે.દીકરી તરીકે કેવી રીતે રહેવું?અને જીવનમાં કેવી રીતે આગળ વધવું તથા વ્યસન અને ફેશનોથી દૂર રહી કેવી રીતે સંસ્કારી બનવું?

## જાંબુઘોડામાં ઈદુલ ફિત્રની ઉજવણી હર્ષોઉલ્લાસ સાથે કરાઈ



**જાંબુઘોડા :** સમગ્ર દેશ ભરમાં મુસ્લિમ સમુદાયના પવિત્ર તહેવાર એવા ઈદુલ ફીત્ર ની ઉજવણી આજે શનિવારના રોજ કરવામાં આવી રહી છે. જેને લઈ પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા નગર ખાતે પણ આજે શનિવાર ના રોજ મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદુલ ફિત્રની રંગે ચંગે ઉજવણી કરવામાં આવી હતી.નગરમાં આવેલ સુન્ની મસ્જિદ ખાતે આજે સવારે ઈદની વિશેષ નમાઝ અદા કરવામાં આવી હતી.જેમાં મસ્જિદ નાં ઇમામ એહમદ રઝા દ્વારા નમાઝ અદા કરાવવામાં હતી.જ્યારે જાંબુઘોડા ખાતે ઈદુલ ફિત્રને લઇ વહેલી સવારથી જ મુસ્લિમ બિરાદરોમાં ભારે થનગનાટ જોવા મળ્યો હતો અને અવનવા પોષાક તેમજ મુસ્લિમ બિરાદરો તેઓના માથા પર સાફા માં સજ્જ જોવા મળ્યા હતા અને રમજાન ઈદની વિશેષ નમાઝ અદા કરી મુસ્લિમોએ અલ્લાહ તઆલાનો શુક્ર અદા કર્યો હતો અને એક બીજાને ગળે ભેટી શુભેચ્છાઓ પાઠવી હતી.

## કાલોલામાં ઈદુલફીત્રની મુસ્લિમ બિરાદરોએ ઈદગાહ તેમજ મસ્જીદોમાં ખુદાની બંદગી કરી



**કાલોલ :** મુસ્લિમ સંપ્રદાયના અતિ પવિત્ર રમઝાન માસની પૂર્ણાહુતિ બાદ એક અતિ મહત્વનો દિવસ આવે છે જે ઈદ-દુલ-ફિત્ર તરીકે ઓળખ પ્રસ્થાપિત છે તે રમઝાન પર્વ શાંતિ અને ઉત્સાહપૂર્ણ સંપન્ન થયા બાદ ઈસ્લામી માસ શવ્વાલના પ્રથમ દિવસે ઈદુલફિત્રની મુસ્લિમ સંપ્રદાય ના લોકો દ્વારા મનાવવામાં આવે છે જે શનિવારના રોજ કાલોલ શહેર સ્થિત નુરાની કબ્રસ્તાન ઈદગાહ ખાતે તેમજ રબ્બાની મસ્જીદ અને મોહંમદી મસ્જીદ સહિત તાલુકાના ગ્રામીણ વિસ્તાર વેજલપુર, બોરૂ, મલાવ અને એરાલમાં ખુબ જ શાનદાર રીતે ઉજવણી કરાઈ હતી.ઈદુલફીત્ર પ્રસંગે કાલોલ નગરની નુરાની ઈદગાહમાં કાલોલ જુમ્મા મસ્જીદના ખતીબો ઈમામ મુફ્તી મોલાના સૈયદ ગુલામ રસુલ કાદરી દ્વારા વિશેષ મહત્વ ધરાવતી ઈદુલફીત્રના મહિમા વિશે ચોટદાર પ્રકાશ પાડતું બયાન કર્યુ હતુ. વાઅઝના સમાપન બાદ નમાઝ ઈમામ સૈયદ ગુલામરસુલ કાદરી એ પઢાવી હતી.

## વેજલપુરમાં મુસ્લિમ બિરાદરોએ રમઝાન ઈદની હર્ષોઉલ્લાસ સાથે ઉજવણી કરી



**વેજલપુર :** મુસ્લિમ સંપ્રદાયના અતિ પવિત્ર રમઝાન માસની પૂર્ણાહુતિ બાદ એક અતિ મહત્વનો દિવસ આવે છે જે ઈદ-દુલ-ફિત્ર તરીકે ઓળખ પ્રસ્થાપિત છે તે રમઝાન પર્વ શાંતિ અને ઉત્સાહપૂર્ણ સંપન્ન થયા બાદ ઈસ્લામી માસ શવ્વાલના પ્રથમ દિવસે ઈદુલફીત્રની મુસ્લિમ સંપ્રદાય ના લોકો દ્વારા મનાવવામાં આવે છે આજરોજ શનિવારે વેજલપુર ગોધરા વડોદરા હાઇવે રોડ ઉપર આવેલ ઈદગાહ ખાતે મુસ્લિમ બિરાદરોએ ઇદની નમાઝ અદા કરીને મુસ્લિમ સમાજના લોકોએ એક બીજા ને ગળે લાગીને ઇદ ની મુબારક બાડી પાઠવી હતી અને આમ વેજલપુર ગામમાં ખુબજ શાનદાર રીતે ઇદની ઉજવણી કરાઈ હતી. ઈદુલ ફીત્ર પ્રસંગે વેજલપુર ઈદગાહમાં મોલાના દ્વારા વિશેષ મહત્વ ધરાવતી ઈદુલફીત્રના મહિમા વિશે બયાન કર્યુ હતુ.બયાનના સમાપન બાદ નમાઝ ભારત દેશ સહિત વિશ્વભરમાં અમન-ચેન-સુકુન અને શાંતિ બની રહે.

# કાલોલ-બરોડા વચ્ચે નવીન બસ સેવા શરૂ

(પ્રતિનિધિ) કાલોલ, તા.21
કાલોલ ખાતે આનંદનો માહોલ જોવા મળ્યો હતો, જ્યારે કાલોલ ડેપો ખાતે ધારાસભ્યની ઉપસ્થિતિમાં કાલોલ-બરોડા વચ્ચે નવીન બસ સેવા શરૂ કરવામાં આવી હતી. ધારાસભ્યએ લીલી ઝંડી બતાવી બસને પ્રસ્થાન કરાવતાં કાર્યક્રમને વિશેષ મહત્વ મળ્યું હતું. આ નવી બસ સેવા શરૂ થતાં કાલોલ અને બરોડા વચ્ચે મુસાફરી કરતા મુસાફરોને વધુ સુવિધા મળશે અને સમયની બચત પણ થશે. લાંબા સમયથી લોકો આ સુવિધાની રાહ જોઈ રહ્યા હતા, જે હવે પૂર્ણ થતાં સ્થાનિકોમાં ખુશી વ્યાપી ગઈ છે. કાર્યક્રમ દરમિયાન સ્થાનિક આગેવાનો, અધિકારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો હાજર રહ્યા હતા.

**જાહેર હરાજી**

આથી જાહેર જનતાને જણાવવાનું કે ફીણાવ (તાલુકો મહુધા) ગ્રામ પંચાયતનું જર્જરીત મકાન તોડી પાડવાનું હોય તેના કાટમાળ, બારી-બારણા અને લોખંડની જાહેર હરાજી તા.૨૩/૦૩/૨૦૨૬ સોમવાર બપોરે ૧૨:૦૦ કલાકે ગ્રામ પંચાયત ફીણાવ ખાતે રાખેલ છે.તો રસ ધરાવતા ઈસમોને ઉપરોક્ત સ્થળે અને સમયે હાજર રહેવા જણાવવામાં આવેલ છે.

તારીખ : ૨૩/૦૩/૨૦૨૬ સોમવારના રોજ,
સમય : બપોરે ૧૨:૦૦ કલાકે • સ્થળ : ગ્રામ પંચાયત ફીણાવ ખાતે રાખેલ છે.

લિ. ફીણાવ ગ્રામ પંચાયત
સરપંચ શ્રી શીતલબેન ઉત્પલસિંહ ડાભી
તલાટી કમ મંત્રી શ્રી પી.કે.રાઠોડ
મુ.પો.ફીણાવ, તા.મહુધા, જિ.ખેડા